નૂતન ભારતી

મુ.પો. મડાણા-ગઢ, તા.પાલનપુર, જિ.બનાસકાંઠા, પીન.૩૮૫૫૧૯
મો. ૯૮૭૯૦૭૯૮૫૯
ઈ-મેલ : nootanbharati@yahoo.co.in
website : www.nootanbharati.com

પ્રતિ,

શ્રી.....

નૂતન ભારતી, મડાણા-ગઢના આદ્ય સ્થાપક પૂ. શ્રી રામજીભાઈ પ. વહોરાની પંદરમી પુણ્યતિથિએ "શ્રી રામજીભાઈ પ. વહોરા સ્મૃતિ વ્યાખ્યાનમાળા"નું આયોજન તા.૨૪/૯/૨૦૨૩ ને રવિવારના રોજ કરવામાં આવેલ છે.

વ્યાખ્યાનમાળાના બારમા ચરણના વ્યાખ્યાતા અને વિષયો

માનનીયશ્રી હેમંતકુમાર શાહ
"ભારતમાં લોકશાહી સામેના પડકારો"

સ્થળ : એકતા સંસ્કૃતિ પ્રતિષ્ઠાન, નૂતન ભારતી, મડાણા-ગઢ
સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

(ડૉ.કનુભાઈ રા.વહોરા)
સંચાલક
નૂતન ભારતી

RPV-VYA-NIMANTRAK

રામજીભાઈ - એક વિરલ વ્યક્તિત્ત્વ

બનાસકાંઠાના એક નાનકડા ગામ મડાણામાં કે, જેનું નામ પણ એ વખતે કોઈયે નહિ સાંભળ્યું હોય, ત્યાં રામજીભાઈનો જન્મ થયો, માતા-પિતા વ્યવસાયે કિસાન-ધર્મભીરૂ પણ સેવાભાવી.

પ્રારંભિક શિક્ષણ પ્રાથમિક શાળા સુધી મડાણામાં થયું. ... એ જમાનામાં બહુ થોડા લોકો સ્કૂલમાં જતા અને જે જતા એ ચાર-પાંચ ચોપડી ભણીને ઉઠી જતા.

રામજીભાઈને આગળ ભણવાની હોંશ અને મા-બાપની ઈચ્છા એક દીકરો ભણી-ગણી જાય એટલે માધ્યમિક શિક્ષણ હેતુ પાલનપુર ગયા, અને ધર્મશાળામાં રહ્યા.

ધર્મશાળાના વ્યવસ્થાપક દ્વારા થતો ભેદભાવ ગામડાનો એક નાનકડો છોકરો સાંખી ના શક્યો, અને વિરોધ કર્યો. વ્યવસ્થાપકે બોરી-બિસ્તરા બહાર ફેંકી દીધા. તો આ છોકરાએ જબરી હિંમત બતાવી અને પોલીસ થાણે ગયા ફરિયાદ લઈ. અન્યાયની સામે ઝૂકી ન જવું અને એના માટે લડવું એવી એમની પ્રતિભાના દર્શન નાની ઉંમરમાં જ થયાં.

સ્કૂલ શિક્ષણ મેળવી એમના સમાજના મોટા ભાગના લોકો કોઈ વ્યવસાયમાં લાગી જતા. અથવા બહુ બહુ તો કોલેજ કરી સ્નાત્તક થઈ, કોઈ સારી નોકરી કરવાનો વિચાર કરતા. પરંતુ ગાંધીજીની વિચારસરણીની ક્યાંક હવા લાગી ગઈ હતી. એ ક્યાંથી આવ્યુ હશે, વાંચનમાંથી કે એ સમયનાં વાતાવરણમાંથી પણ કંઈક હતું..... અને રામજીભાઈ દાખલ થયા - ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિધાપીઠમાં.

વિધાપીઠમાં ગાંધીજીના વિચારોને વાગોળ્યા. ગાંધી વિચારસરણી પર ચાલતાં ઘણા મહાનુભાવોના સંપર્કમાં આવ્યા. એમને નજદીકથી જોયા..... ત્યાં એમને થયું હશે..... "ચાલો મારા ગામમાં જ ગાંધીજીની ચેતના પ્રકટાવું"

એના શ્રીગણેશ થયા નૂતન ભારતીની સ્થાપનાથી. કોઈ પણ કામની શરૂઆત સરળ નથી હોતી. કપરાં ચઢાણ હોય, માર્ગમાં મુશ્કેલીઓ હોય... મોટા ભાગના નાસીપાસ થઈ જાય, પાછા વળી જાય, પણ રામજીભાઈ એમાંના નહોંતા.

સંસ્થાને ઊભી કરવા બધા ભોગ આપ્યા.... કોઈ પણ ઈમારત પાયા પર ઊભી હોય.... એ પાયો આપણે નથી જોઈ શકતા, એ કેટલા ઊંડા હોય. આપણને ખાલી ઈમારત દેખાય.

રામજીભાઈએ નૂતન ભારતીના પાયાથી ઈમારત સુધીની યાત્રામાં પોતાનું સર્વસ્વ જીવન અર્પી દીધુ. મડાણા અને આસપાસના ગામડાઓના લોકો માટે શિક્ષણ અને સર્વોદયનું કામ

ઉપાડી લીધું. લોકોના સ્વાસ્થય અને સુખાકારી માટે આરોગ્ય સેવાની એક સુદ્રઢ વ્યવસ્થા ઊભી કરી.

ઔધોગિક શિક્ષણ માટે આઈ.ટી.આઈ., કૃષિ શિક્ષણ માટે સ્નાત્તક સ્તરની કોલેજ, શિક્ષક તાલીમ માટે પી.ટી.સી. કોલેજ, શિક્ષણ વિહોણા માટે ઓપન યુનિવર્સિટી કેન્દ્ર જેવી અનેક વ્યવસ્થાઓ ઊભી કરી. એમના કામોની યાદી તો બહુ લાંબી છે, એનું વર્ણન કરવા એક ગ્રંથ લખવો પડે.

સંસ્થા વિકસતી રહી અને ફૂલતી-ફાલતી રહી. નવી ઈમારતો બનતી રહી, પણ રામજીભાઈએ તો પોતાના વ્યક્તિગત ઉપયોગ માટે જે એક રૂમ શરૂઆતમાં રાખ્યો એ જીવનના અંતિમ સમય પર્યન્ત એમાં જ રહ્યા. એ એમની સાચા અર્થની સાદગીનું અપ્રતિમ ઉદાહરણ છે.

રામજીભાઈ સ્વાશ્રયી હતા, શ્રમી હતા, અને સ્વાવલંબી હતા. પોતાનું કામ જાતે કરવું, પોતાના કપડાં જાતે ધોવાં, ખાદીનાં કપડાં પહેરવાં, સામાન્ય માણસને પરવડે તેવી ખાદી - ગાંધીજીની કલ્પનાની ખાદી.

૧૯૫૮થી એમણે જે યાત્રા શરૂ કરી નૂતન ભારતીથી એ વિરલ વ્યક્તિત્વ ૨૦૦૯માં આ દુનિયા છોડી નિરંતર યાત્રાએ નિકળી ગયા. પણ જતાં પહેલાં કેવી સુંદર વિરાસત સમાજ માટે મૂકતા ગયા. જેનો દાયકાઓ સુધી આવનારી પેઢીઓ લાભ ઉઠાવશે. લોક કલ્યાણ સિવાય એ વ્યક્તિએ જીવનમાં બીજુ કંઈ વિચાર્યું નહિ.

એક અત્યંત સંયમિત, સરળ અને સાદુ આડંબરહીન જીવન, પણ ઉચ્ચ-ઉદ્દાત વિચારો ભર્યું જીવન..... વાતો થોડી અને કામ વધારે, એ એમનો જીવન મંત્ર. પોતાના જીવનકાર્ય અને કાર્યશૈલી દ્વારા આજના યુવાનો માટે સેવાની ભાવના રાખનારાઓ માટે અને સેવાકાર્ય કરતી સંસ્થાઓ માટે એક સુંદર ઉદાહરણ પુરું પાડ્યું છે.

સમાજ સેવાથી ખીલે છે, રામજીભાઈએ સાદગીભર્યું જીવન જીવી સદાચારવૃત્તિ રાખી લોકોની સમાજની સેવા કરી.

એમના જીવનથી પ્રેરણા લઈ, આપણે સહુ પોત પોતાના ક્ષેત્રમાં સુંદર કાર્ય કરીએ, બીજાને મદદરૂપ થઈએ અને આપણાં બહુમુલ્ય જીવનને સાર્થક કરીએ.

જેમના પ્રેમ અને આદર અમને અપાર મળ્યાં છે. એવા રામજીભાઈને યાદ કરતા

પ્રેમકુમાર - તોમો કાવાને

નૂતન ભારતી, મડાણા-ગઢમાં ચાલતા વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમો અને પ્રવૃત્તિઓની માહિતી

અ. નં.	અભ્યાસક્રમનું નામ	સમયગાળો	પ્રવેશ માટેની ઓછામાં ઓછી લાયકાત
(A)	બેચલર ઓફ રૂરલ સ્ટડી (બી.આર.એસ.) - ઉત્તર ગુજરાત યુનિ. માન્ય	૩ વર્ષ	ધોરણ-૧૨ પાસ
(B)	આઈ.ટી.આઈ. - એન.સી.વી.ટી માન્ય		
૧	વાયરમેન	૨ વર્ષ	ધો. ૮ પાસ
૨	ફીટર, ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી સીસ્ટમ મેઈન્ટેનન્સ,	૨ વર્ષ	ધો. ૧૦ પાસ
	સર્ટીફીકેટ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ, સરફેશ ઓરનામેન્ટેશન ટેક્નીક્સ (એમ્બ્રોયડરી)	૧ વર્ષ	
(C)	નૂતન ભારતી વિદ્યાલય (ધો.૯ થી ૧૨)	--	ધો. ૮ પાસ
(D)	અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા (ધો.૧ થી ૮)	--	--
(E)	ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમ		
૧	બી.એ. બી.કોમ.	૩ વર્ષ	ધો.૧૨ પાસ
૨	માસ્ટર ઓફ આર્ટ્સ (અંગ્રેજી, હિન્દી, સમાજવિદ્યા, ગુજરાતી)	૨ વર્ષ	માન્ય યુનિવર્સિટી સ્નાતક પદવી
૩	સર્ટીફીકેટ ઈન કોમ્પ્યુટર કોન્સેપ્ટ CCC	૬ માસ	ધો.૧૦ પાસ

(F) નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ (NIOS) :- (ભારત સરકાર દ્વારા સ્થાપિત) જે વ્યક્તિઓને કે જેઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવવાની તક ચૂકી ગયા છે અને ભણી શક્યા નથી તેઓને NIOS ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરવાની તક પુરી પાડે છે. મુખ્ય વિશેષતા :-★ કોઈપણ દિવસે ગમે ત્યારે પ્રવેશ ★ મહત્તમ ઉંમરમાં બંધન નથી ★ ધોરણ-૧૦ માં પ્રવેશ માટે કોઈ પ્રમાણપત્રોની જરૂર નથી ★ માત્ર પાંચ વિષય ભણવાના ★ મફત પુસ્તકો અને માર્ગદર્શન વર્ગો ★ ક્રેડીટ રૂપાંતર ★ પોતાની સુવિધાથી ઘરે રહીને અભ્યાસ ★ સતત મૂલ્યાંકન ★ જ્યારે ઈચ્છો ત્યારે પરીક્ષા

(G) અન્ય પ્રવૃત્તિઓ :- (૧) હોસ્પિટલ (૨) સર્વોદય યોજના